સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળના ચેકડેમના કામોની ૮૦:૨૦ની સ્કીમમાં (ચોથો તબકકો) લોકફાળાની રકમ ધારાસભ્ય ગ્રાન્ટમાંથી મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ(આ)
ઠરાવ ક્રમાંકઃવજઅ/૧૫૨૦૦૪/૩૬૬૫/ય(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૭/૨/૨૦૦૬.

વંચાણે લીધાઃ-

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગનો તા.૧/૪/૦૫નો ઠરાવ ક્રમાંકઃસીડીએમ/૨૦૦૪/૩૫/૨૯૦૪/ક૨

(૨) સામાન્ય વહીવટ વિભાગ(આ)નો તા.૨૭/૪/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ વજઅ/૧૫૯૦/મુમક-૩૨/ય

ઠરાવઃ-

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાનો (ચોથો તબકકો) અમલ નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંકઃસીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-ક૨ થી ૮૦:૨૦ના ચેકડેમોની સ્કીમ અમલમાં મૂકવામાં આવેલ છે. ઉકત યોજના માટે સમગ્ર રાજયમાં સરકારી ફાળાની રકમ ૮૦ ટકા અને લોકફાળો ૨૦ ટકા રકમ રાખવામાં આવેલ છે. જેમાં ખેડૂત લોકજૂથ દ્વારા બનાવવામાં આવતા ચેકડેમો રૂા.૩/- લાખની મર્યાદામાં અને ઔદ્યોગિકગૃહો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવતા રૂા.૩/- લાખથી વધુ અંદાજીત કિંમત ધરાવતા પરંતુ રૂા.૧૫/- લાખની મર્યાદામાં અંદાજીત કિંમત હોય તેવા ચેકડેમનો સમાવેશ કરવામાં આવેલ છે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલ ઉકત યોજનામાં ધારાસભ્યશ્રી તેમની ગ્રાન્ટમાંથી લોકફાળા પેટે રકમ આપી શકે તેવી જોગવાઈ કરવા બાબતે મળેલ રજૂઆતોના સંદર્ભમાં પુખ્ત વિચારણાને અંતે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળના ચેકડેમોના કામોની (૮૦:૨૦)ની સ્કીમોમાં (ચોથો તબકકો) લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ સામાન્ય વહીવટ

વિભાગ(આયોજન)ના ઠરાવ ક્રમાંકઃવજઅ/૧૫૯૯/મુમક-૩૨/ય માં નક્કી કરેલ મર્યાદા એટલે કે પછાત તાલુકાઓમાં રૂા.૨/- લાખની મર્યાદા અને અન્ય વિસ્તારો માટે રૂા.૧/- લાખની મર્યાદામાં લોકફાળા પેટે ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી રકમ આપી શકાશે તેવું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જશવંત ગાંધી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
માન.અધ્યક્ષશ્રી,ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી,
સર્વે માન.સંસદસભ્યશ્રીઓ /વિધાનસભાના સર્વે સભ્યશ્રીઓ,
સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ,
અગ્રસચિવશ્રી,કૃષિ અને સહકાર વિભાગ,
સચિવશ્રી,નર્મદા,જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ,
સર્વે કલેકટરશ્રીઓ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ,
વહીવટી સંચાલકશ્રી,ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી.ગાંધીનગર,
વહીવટી સંચાલકશ્રી,ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.ગાંધીનગર,
સચિવાલયના સર્વે વિભાગો,
નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર,
સામાન્ય વહીવટ વિભાગ(આયોજન પ્રભાગ)ના સર્વે અધિકારીશ્રીઓ,
સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)ની સર્વે શાખાઓ,
શાખા ફાઈલ/સિલેકટ ફાઈલ.